Inward No.
Registry Branch
G. W. S. S. BOARD
GAC
MS
Chairman
Marking

30 APR 2022

સને ૨૦૨૨-૨૩ વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ પાણી પુરવઠા પ્રભાગ હેઠળની ૧૦૦ કરોડ કરતા વધુ રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

યાદી ક્રમાંક-બજટ/૧૦૨૦૨૧/૮૧૨/ખ-૩
તારીખ- /૦૪/૨૦૨૨

18 APR 2022

વંચાણે લીધા- ૧. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડનો તા.૦૯-૧૨-૨૦૨૧ના પત્ર નં.એબી/સીમે-૧-૨/બજેટ/૭૬૨/ફા.નં.૮૭

૨. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડનો તા.૦૫-૦૧-૨૦૨૨ના પત્ર ક્ર. જા.નં./એબી/સીમે-૧-૨/બજેટ/૨૦૨૧-૨૨/૯૧૩

3. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડનો તા.૧૯-૦૧-૨૦૨૨ના પત્ર ક્ર. એબી/સીમે-૧-૨/બજેટ/૨૦૨૧-૨૨/૯૩૬

પ્રસ્તાવના -

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના વંચાણે લીધા ક્રમાંક- ૧ થી ૩ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજો માટેની દરખાસ્ત મળેલ જે અંતર્ગત નાણા વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કુલ જોગવાઈ રૂ.૫૪૫૧.૦૨/- કરોડની મંજૂર થયેલ છે. જે પૈકી વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં રૂ.૧૦૦ કરોડથી વધુની પાણી પુરવઠા પ્રભાગની કુલ રૂ.૫૧૧૯૯૮.૦૦/-લાખની ચાલુ બાબતોની જોગવાઈ માંગણી નં ૬૭, મેજર હેડ ૪૨૧૫ હેઠળની જોગવાઈ અંદાજપત્ર પ્રકાશન નં-૧૮ ભાગ-૧, માંગણી નં ૯૫, મેજર હેડ ૪૨૧૫ હેઠળની જોગવાઈ અંદાજપત્ર પ્રકાશન નં-૨૪ ભાગ-૨ હેઠળ અને માંગણી નં. ૯૬, મેજર હેડ ૪૨૧૫ હેઠળની જોગવાઈ અંદાજપત્ર પ્રકાશન નં-૨૪ ભાગ-૪ હેઠળ કરવામાં આવેલ છે.

યાદીઃ-

પુખ્ત વિચારણાને અંતે પાણી પુરવઠા પ્રભાગની આયોજન સદરે માંગણી નં ૬૭ મેજર હેડ ૪૨૧૫, માંગણી નં ૯૫ મેજર હેડ ૪૨૧૫ અને ૯૬ મેજર હેડ ૪૨૧૫ હેઠળની સામેલ પત્રક મુજબની રૂ.૫૧૧૯૯૮.૦૦/-લાખની યોજનાઓને તેમના નામ સામે દર્શાવ્યા મુજબ ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો

(૧) વર્ષ ૨૦૨૨-૨૩ના માટે અંદાજપત્રીય જોગવાઇને આધિન રહીને, નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

Computer Cell
Inward No.: 570
Date 30-4-22
Mark to:

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) યોજનાઓ હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આલેખન અને નકશા પર સક્ષમ અધિકારીની તાંત્રિક મંજૂરી લેવાની રહેશે.

(૮) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએથી આવશ્યકપણે ખરાઇ કરવી લેવાની રહેશે.

(૯) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ૩ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૧૪૦૭-છ, તા.૦૩/૦૬/૧૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ તથા તા.૦૪/૧૦/૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-છમાં કરવામાં આવેલ જોગવાઈ/ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) સૂચિત કામો મનરેગા હેઠળ લેવાના થતાં હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દ્વારા જ કરવામાં આવે તેની અચૂક તકેદારી લેવાની રહેશે.

(૧૫) આ યોજનાનો ખર્ચ તા૦૧/૦૪/ ૨૦૨૨ થી કરવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા- ૧૧/૦૪/૨૦૨૨ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.વી.પરમાર)
સેક્શન અધિકારી(પા.પુ)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બિડાણ- પત્રક